પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૯૬, કુલ પાના:૪, તારીખ: ૧૫-૧૨-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 96 PRICE :-RS. 1.50 DATE : 15-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678


PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


### કોરોનાકાળમાં નવેમ્બરમાં મોંઘવારી દર ૧.૫૫ ટકાના સ્તરે પહોંચ્યો

## મોંઘવારીએ માઝા મૂકી: જથ્થાબંધ મોંઘવારી દર ૯ મહિનાની ટોચે

ન્યુ દિલ્હી,

એક બાજુ કોરોના જેવી મહામારી તો બીજીબાજુ મોંઘવારીના મારે સામાન્ય માણસની જિંદગીને હતી ન હતી કરી દીધી છે. બે ટંકની રોજી રોટી મેળવવા ફાંફા મારતો સામાન્ય માણસ ડગલે ને પગલે ગોથા ખાઈ રહ્યો છે. ત્યારે સામાન્ય માણસને મોંઘવારીએ ખુબ હેરાન કર્યા છે.



સરકાર દ્વારા આજે જાહેર કરાયેલા આંકડા મુજબ નવેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૧.૫૫ ટકાના સ્તરે પહોંચી ગયો છે જે છેલ્લા નવ મહિનાનો સૌથી ઉંચો મોંઘવારી દર છે. ઓક્ટોબરમાં આ દર ૧.૪૮ અને ગયા વર્ષનો નવેમ્બરનો દર ૦.૫૮ રહ્યો હતો. સરકારી આંકડાઓ અનુસાર આ ફેબ્રુઆરીમાં સૌથી વધારે રહ્યો છે. ફેબ્રુઆરીમાં તે દર ૨.૨૬ ટકા હતો.

કોરોના સંકટની સાથે આર્થિક મંદીના ભણકારા વચ્ચે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા ગરીબ અને મધ્યમવર્ગની હાડમારી વધી રહી છે. જ્યારે સરકારનું કહેવુ છે કે, મેન્યુફેક્ચર્ડ પ્રોડ્‌ક્ટ્સ મોંઘા થવાથી નવેમ્બરમાં જથ્થાબંધ મોંઘવારી આંકમાં વધારો થયો છે. નવેમ્બરમાં ખાદ્ય મોંઘવારી નરમ રહી પરંતુ ઉત્પાદિત ઉત્પાદનોએ ફુગાવાને આગ ચાંપી દીધી. આ સમયગાળા દરમિયાન, ખાદ્ય ફુગાવાનો દર ૩.૯૪ ટકા હતો, જે ઓક્ટોબરમાં ૬.૩૭ ટકા હતો. શાકભાજી અને બટાટાના ભાવ અનુક્રમે ૧૨.૨૪ ટકા અને ૧૧૫.૧૨ ટકા વધારે હતા. ખાદ્ય ચીજો ન હોય તેવો ફુગાવો દર પણ ૮.૪૩ ટકાના ઉચ્ચ સ્તરે રહ્યા.

આ સમયગાળા દરમિયાન ઈંધણ અને વીજળીનો ફુગાવો ઋણાત્મક ૯.૮૭ ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨૦ માં માસિક જથ્થાબંધ ભાવાંક પર આધારિત ફુગાવો ૧.૫૫ ટકા હતો. એક વર્ષ અગાઉ સમાન ગાળામાં તે ૦.૫૮ ટકા હતો તેવું જાણવા મળ્યું છે. તહેવારોની સિઝનમાં ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે જથ્થાબંધ ફુગાવામાં આ વધારો નોંધવામાં આવ્યો છે. નવેમ્બરમાં નવ મહિનાની ઉંચી સપાટીએ ફુગાવા દર પહોંચી ગયો છે. ફેબ્રુઆરી ૨૦૨૦ પછીના જથ્થાબંધ ભાવો આધારિત ફુગાવાનો આ ઉચ્ચતમ સ્તર છે. જો કે ખાદ્ય ચીજોમાં મોંઘવારી ઓછી થઈ. નવેમ્બર ૨૦૨૦માં આ મોંઘવારી દર ૩.૯૪ ટકા નોંધાયો હતો. મોંઘવારી દર ઓક્ટોબર ૨૦૨૦માં ૬.૩૭ ટકા હતો.

## ગૂગલના સર્વરમાં ધબડો થતાં જી-મેલ, યૂટ્યૂબ સહિતની સેવાઓ ખોરવાઈ

ન્યુ દિલ્હી,

ગૂગલના સર્વરમાં ધબડકો બોલતા વૈશ્વિક ક્રેકડાઉન બોલ્યું હોવાના અહેવાલ છે, આ ધબડકાના પગલે ગુગલની G-Mail, YouTube સહિતની સેવાઓ બંધ થઈ જતા ભારતમાં ઓફિસમાં અને ઘરોમાં નોકરી કરી રહેલા યૂઝર્સને સમી સાંજે હૈયાહોળી થઈ છે. ગૂગલની અન્ય સેવાઓ પણ તેની નિયમ સ્પીડ કરતા ધીમી પડી ગઈ હોવાના પગલે આ સર્વરનો ધબડકો છે તેવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. જોકે, આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ટેક ઝાયન્ટ તરફથી હજુ સુધી કોઈ ખુલાસો આપવામાં આવ્યો નથી પરંતુ ભારતમાં પોતાના ઘરમાં અને ઑફિસમાં કામ કરતા લાખો વપરાશકર્તાઓ સમી સાંજે અટવાયા છે. ગૂગલ એપ્સ ડાઉન થતાની સાથે જ યૂ-ટ્યૂબ પર #YouTubeDOWN હેશટેગ ટ્રેન્ડ થવા લાગ્યો છે. આ પહેલીવાર નથી કે ટેકઝાયન્ટ ગૂગલની સેવાઓનો ધબડકો બોલ્યો અને લોકોએ ફિરકીઓ લેવાની શરૂ કરી. જોકે, ગૂગલની સેવા સાથે લાખો યૂઝર્સ જોડાયેલા હોવાથી આ સર્વર ડાઉનનો ફટકો વેપાર-ધંધા પર પડવો સ્વાભાવિક છે.

### કુલ ૧૫.૪૫ કરોડ લોકોના ટેસ્ટ કરાયા

## દેશમાં કોરોના હાંફ્યો: ૨૪ કલાકમાં કેસ ઘટીને ૨૭,૦૭૧ થયા

ન્યુ દિલ્હી,

કોરોનાની રસી આવે તે પહેલા જ દેશમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૭,૦૭૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૯૮,૮૪,૧૦૦ થઈ છે. જેમાંથી ૩,૫૨,૫૮૬ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. જ્યારે ૯૩,૮૮,૧૫૯ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યા છે. કોરોનાના કારણે એક જ દિવસમાં ૩૩૬ લોકોના મૃત્યુ થયા છે. આ સાથે જ કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૪૩,૩૫૫ પર પહોંચી ગયો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૫,૪૫,૬૬,૯૯૦ ટેસ્ટ હાથ ધરાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮,૫૫,૧૫૭ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## આજે વડાપ્રધાન મોદી કચ્છના મહેમાન બનશે: ત્રણ પ્રોજેક્ટનું ખાતમૂહૂર્ત કરશે

કચ્છ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ ડીસેમ્બરના કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. PM મોદીની કચ્છ મુલાકાત લઈને તમામ તેયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગમન પહેલા કોન-વે રીહર્સલ કરવામાં આવ્યું હતું. માંડવીમાં ડીસેલીનેશન પ્લાન્ટ અને ખાવડામાં એશિયાનો સોથી મોટા સોલાર પાર્કનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂમિ પૂજન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધોરડો ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્રણ પ્રોજેક્ટનું વર્ચ્યુલથી ભૂમિ પૂજન કરશે. વડાપ્રધાનની કચ્છ મુલાકાત લઈને ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવામાં આવ્યો છે.



વડાપ્રધાન મોદી ૧૫મી તારીખે બપોરે કચ્છની મુલાકાત લેવા માટે આવશે. વડાપ્રધાન ૧૨.૨૦ વાગ્યે ભૂજ એરપોર્ટ પર ઉતરાણ કરશે અને ૧૨.૫૫ વાગ્યે ભૂજ એરપોર્ટથી ધોરડો જવા રવાના થશે અને ૧.૧૫ વાગ્યે ધોરડોમાં ઉતરાણ કરશે. ત્યારબાદ સભા સ્થળે પહોંચી ૩ કાર્યક્રમનું વર્ચ્યુલ ખાતમુહૂર્ત કરશે. જેમાં ખાવડા રણ સ્થિત ૫૦૦૦ મેગાવોટ સોલાર પ્રોજેક્ટનાના પ્રથમ ફેઝના કામનું ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ ૮૦૦ કરોડના ખર્ચે દરિયાના પાણીને મીઠું કરવાનો પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે અને છેલ્લે ૧૩૦ કરોડના ખર્ચે સરહદ ડેરીના નવા પ્રોસેસિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે.

પીએમ મોદીની ગુજરાતની ૬ કલાકની મુલાકાત દરમિયાન ભુજ સ્થિત ભૂંકપ દિવગંતોની યાદમાં બનનાર સ્મૃતિવનના કામની સમીક્ષા કરશે. ત્યારે સાંજે ધોરડોમાં સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાંખી નિહાળ્યા બાદ ભુજ પરત ફરી દિલ્હી જવા રવાના થશે.

આ ઉપરાંત વડાપ્રધાન રિન્યુએલ એનર્જી પાર્કનું પણ ઉદઘાટન કરશે. સાંજે સાડા પાંચ વાગે નરેન્દ્ર મોદી સફેદ રણનો નજારો માણશે. યુપીમાં ટેન્ટસિટીના ખોટા બિલો રજૂ કરતાં લલ્લુજી એન્ડ સન્સને બ્લેકલિસ્ટ કરાઈ હતી. આ જ લલ્લુજી કંપનીને છેલ્લા કેટલાંય વર્ષોથી રણોત્સવમાં ટેન્ટસિંટીનો કોન્ટ્રાક્ટ મળી રહ્યો છે. માત્ર પાંચ કલાકની મુલાકાત બાદ તેઓ સાંજે સાડા સાત વાગે દિલ્હી જવા રવાના થશે. મોદીના આગમનને પગલે સમગ્ર તંત્ર કામે લાગ્યુ છે અને એસપીજી કમાન્ડો સહિત પોલીસે મોરચો સભાળ્યો છે.




**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગરમાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૩૫ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૮૩૫ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૭૨૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૭૯૩૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૩૧ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી ડીસ્ટ્રીટકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૪ દર્દી હોમ આઈસોલેશન, ૦૩ દર્દી લુણાવાડા (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૪ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓકિસજન પર છે.

# મહીસાગર જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં કોવિડ-૧૯ વેકિસનેશન અંગે બેઠક યોજાઈ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

કોવિડ-૧૯ રસી ઉપલબ્ધ થવા સાથે શક્ય તેટલી વહેલી તકે અસરકારક રીતે રસીકરણની પ્રક્રિયા શરૂ કરવા માટે સરકાર દ્વારા પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં મહીસાગર જિલ્લામાં પણ કલેકટર આર.બી.બારડના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. કોવિડ-૧૯ની રસી તૈયાર થવાના અંતિમ તબક્કામાં છે. ત્યારે રસી ઉપલબ્ધ થયે જિલ્લામાં તેના સંગ્રહ, પરિવહન અને વિતરણની વ્યવસ્થાઓ-સંસાધનોની પૂર્વ તૈયારીઓ અંગે જિલ્લા સમાહર્તાએ વિગતવાર માહિતી મેળવી સૂચના આપી હતી. તેમણે કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ સિસ્ટમ, સંગ્રહ ક્ષમતા, વેકિસન કેરિયર, કોલ્ડ બોક્સ, આઈએલઆર સહિતની વ્યવસ્થાઓ આવશ્યક પ્રમાણમાં ઉપલબ્ધ કરવાના પૂર્વ આયોજન અંગે સૂચના આપી હતી. પ્રથમ તબક્કામાં હેલ્થકેર પ્રોવાઈડર્સને રસી આપવાની છે ત્યારે માર્ગદર્શિકા અનુસાર જિલ્લામાં કાર્યરત તમામ સરકારી-ખાનગી સ્વાસ્થ્યકર્મીઓના ડેટા એકત્રીકરણની કામગીરી વિશે તેમણે સૂક્ષ્મ વિગતો મેળવી એક પણ સ્વાસ્થ્યકર્મી રહી ન જાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને કલેકટરએ નિર્દેશ આપ્યા હતા. જિલ્લાના તમામ વર્ગના લોકો રસીકરણની ઝુંબેશમાં જોડાઈને પોતાની જાતને સુરક્ષિત કરે તે માટે સ્થાનિક સામાજિક-ધાર્મિક અગ્રણીઓ સાથે બેઠક કરી લોકોમાં આ અંગે વિધાયક વાતાવરણ સર્જવા તેમજ વેકિસનેશન કેમ્પ યોજી શકાય તેવા સ્થળો આઈડેન્ટીફાય કરવાની દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. વેક્સીન જેમણે આપવાની થશે તેવા વેકિસનેટર્સની તાલીમ ઉપરથી આવતા નિર્દેશો અનુસાર કોઈ ભૂલ વગર યોજાય તે સુનિશ્ચિત કરવા તેમણે સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એસ.બી.શાહ, તમામ પ્રાંત અધિકારીઓ, કોવિડ કામગીરીમાં રોકાયેલ તમામ નોડલ અધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆ નગર પાલિકાના રોડ બનાવનાર કોન્ટ્રાકટરનો ગંભીર બેદરકારીથી અકસ્માત થવાનો ભય



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકાના દ્વારા રોડ બનાવવા માટે ભીડભાડ તથા જાહેર રસ્તાની કામગીરી દરમ્યાન કોઈ વાહનોને અકસ્માત ન પહોંચે તે માટે સૂચક બોર્ડ દાખવવાની જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે. પરંતુ આવી રોડની વચોવચ ગંભીર પ્રકારની કામગીરી દરમ્યાન પોતાની ફરજમાં ચૂક થતા અનેક રાહદારીઓ તથા વાહન ચાલકો અકસ્માતનો ભોગ બને તો નવાઈ નહીં.

દે.બારીઆ નગર પાલિકાના દ્વારા શહેર થી મુખ્ય રસ્તા બનાવતા પહેલા ભૂર્ગભ ગટરનો કુંડીઓના ઢાંકણના લેવલ ઉંચા લેવાનું સમારકાર્ય ચાલે છે. તે સારી બાબત છે પરંતુ નગર પાલિકાના કોન્ટ્રાકટરના દ્વારા જે ભૂર્ગભ ગટરના ઢાંકણના લેવલ માટે કુંડીના રોડ મુજબ ઉંચા લેવલ કાર્ય હાથ ધરાયું છે. તેની આજુબાજુ રોડના ઉપર કોઈ જ પ્રકારની આડ અથવા સાંકેતિક સીગ્નલ તથા લાલ ઝંડી સાથે સૂચક બોર્ડ મુકાયું નથી. આ રોડ મેન ભીડભાડ સાંજ-સવારે રહે છે. શહેરનું મુખ્ય માર્ગનો ઉપયોગ કરતા હોય છે. સમારકાર્યની ગટરની કુંડીઓ ખુલ્લી છે. અવરજવરમાં બાઈક સવાર ખાબકશે તો કોણ જવાબદારી લેશે તે યક્ષ પ્રશ્ન છે. જેથી નગર પાલિકાના એન્જીનીયર આ બાબતે કોન્ટ્રાકરનું દયાન દોરીને સાંકેતિક ચિન્હ તેમજ આડ કાર્યક્ષેત્ર મુકવામાં આવે તેવી શહેરની આમ જનતાની માંગ ઉઠવા પામી છે. દે.બારીઆ નગરમાં આજુબાજુના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખરીદદારો પહોંચે છે. તેવા સમયે પાલિકા દ્વારા તથા કોન્ટ્રાકટરો કોઈપણ પ્રકારની ગંભીરતા દાખવતા નથી અને મુખ્ય બજારની વચોવચ આડેધડ ખોદકામ સાથે ગટરના ઢાંકણા ખુલ્લા રાખવામાં આવતાં અનેક રાહદારીઓ દિવસ દરમ્યાન અકસ્માતનો ભોગ બનવા સાથે વાહન ચાલકો પણ ચિંતાતૂર બની રહ્યા છે. દે.બારીઆ નગર પાલિકા દ્વારા આવા બેફિકર કોન્ટ્રાકટરની કામગીરી આપીને નગરના અનેક નિર્દોષ જાનનું જોખમ ઉભું કરવા માટે ખુલ્લું આમંત્રણ આપી રહ્યા હોય તેમ જોવાઈ રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસ થી આ પ્રકારના અનેક બનાવ બનવા છતાં દે.બારીઆ નગર પાલિકાના પ્રમુખ તથા સી.ઓ. અને જે તે વિસ્તારના વોર્ડ સભ્યો જાણે કે કોન્ટ્રાકટરને છુપી રીતે મદદરૂપ કરીને નિર્દોષ લોકોને જાનનું જોખમ કરી રહ્યા હોય તેમ લોકો માની રહ્યા છે.

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ અકસ્માતના બનાવોમાં ત્રણ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર અને લીમખેડા તાલુકામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક મહિલા સહિત બેના એકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જયારે આ બે અકસ્માતમાં વધુ ૩ જેટલા વ્યકિતઓને શરીરે ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ધાનપુર તાલુકાના ડુંગરી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૩ ડિસેમ્બરના રોજ એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ધાનપુર તાલુકાના મોટીમલુ ગામે નિશાળ ફળિયામાં રહેતા શનાભાઈ રમસુભાઈ ભાભોરની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં શનાભાઈ તથા પાછળ બેઠેલ માજુભાઈ મનુભાઈ ભાભોર બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા અને જેને પગલે શનાભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. જયારે પાછળ બેઠેલ માજુભાઈને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે મોટીમલુ ગામે નિશાળ ફળિયામાં રહેતા સુમાભાઈ સમસુભાઈ ભાભોર દ્વારા આ સંબંધે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના મોટીવાવ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૩મી ડિસેમ્બરના રોજ એક અજાણ્યા મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા સીંગવડ તાલુકામાં પહાડ ગામે નિશાળ ફળિયામાં રહેતા રાકેશભાઈ ભારતાભાઈ બારીયાની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં રાકેશભાઈ અને પાછળ બેઠેલ મણીબેન રમેશભાઈ તડવી બંન્ને મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે મણીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં અને રાકેશભાઈને પણ ઈજાઓ થતાં બંન્ને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતાં સારવાર દરમ્યાન મણીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઈજાગ્રસ્ત રાકેશભાઈ ભારતાભાઈ બારીયાએ લીમખેડા પોલીસ મથકે આ સંબંધે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના દે.બારીઆ અને ઝાલોદમાં રેડ કરી ૧.૨૯ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં દેવગઢ બારીઆ અને ઝાલોદ તાલુકામાં બે જુદી જુદી જગ્યાએ પ્રોહીની પોલીસ દ્વારા બે રેડ દરમ્યાન પોલીસે કુલ રૂા.૧,૨૯,૩૬૦ ના પ્રોહી જથ્થા સાથે એક બનાવમાં પીકઅપ ફોર વ્હીલર અને બીજા એક બનાવમાં બોલેરો ગાડી મળી બે વાહનો કબ્જે કર્યાનું જ્યારે એક બનાવમાં એક બાળ કિશોર કાયદાના સંઘર્ષમાં આવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના આંકલી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૩મી ડિસેમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે આંકલી ગામે પોલીસ વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી એક પીકઅપ ગાડી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો. પોલીસને પીછો કરતાં જોઈ ગાડીમાં સવાર ડ્રાઈવર હિમ્મતભાઈ વિનુભાઈ બારીયા (રહે.કનસીયા, ઘોઘંબા, પંચમહાલ) અને વાહન માલિક ધ્રુશ મોહસીન શબ્બીર (રહે. મુસ્લીમ સોસાયટી, ગોધરા, પંચમહાલ) નાઓ પોલીસથી પકડાઈ જવાની બીકે પોતાનું કબજાનું વાહન પીઅકપ ગાડી સ્થળ પર જ મુકી નાસી ગયા હતા. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૫૬ કિંમત રૂા.૩૬,૮૪૦ તેમજ ૩ લાખની પીકઅપ ગાડી મળી તેમજ એક મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૩,૩૭,૩૪૦ નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ સાગટાળા પોલીસે ઉપરોક્ત બંન્ને વ્યકિતઓ વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ગરાડું ગામે ગત તા.૧૩મી ડિસેમ્બરના રોજ બનવા પામ્યો હતો જેમાં પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસ ગરાડું ગામે વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી એક નંબર વગરની સફેદ કલરની બોલેરો ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાની સાથે જ તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર જયમિનભાઈ મિનેશભાઈ તાવિયાડ (રહે.કાળીયા, લખણપુર,તા.ફતેપુરા,જિ.દાહોદ) અને એક બાળ કિશોર બંન્નેની પોલીસે અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૬૦૦ કિંમત રૂા.૯૨,૫૨૦ ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડી મળી પોલીસે કુલ રૂા.૨,૪૬,૫૨૦ નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોક્ત બંન્ને વિરૂદ્ધ ઝાલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદના પુસરી ગામે ૧૦ મહિલાઓ સહિતના ટોળાએ એક વ્યકિતના ઘરે ધિંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ તાલુકાના પુસરી ગામે ૧૦ જેટલા મહિલા સહિતના ટોળાએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એક વ્યકિતના ઘરે મારક હથિયારો જેવા કે, ધારીયું, લાકડી, લોખંડની પાઈપ લઈ ઘસી જઈ ભારે ધિંગાણું મચાવી ૬ થી ૭ જેટલા વ્યકિતઓને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતાં આ ધિંગાણાના પગલે પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પુસરી ગામે દહીયા ફળિયામાં રહેતા વિક્રમભાઈ રમસુભાઈ ભુરીયા, કરણભાઈ રસમુભાઈ ભુરીયા, રમસુભાઈ ધુળીયાભાઈ ભુરીયા, અનિલભાઈ નવલાભાઈ ભુરીયા, શૈલેશભાઈ રમસુભાઈ ભુરીયા, નવલાભાઈ ધુળીયાભાઈ ભુરીયા, સબીબેન વિક્રમભાઈ ભુરીયા, સવિતાબેન રમસુભાઈ ભુરીયા, સંગીબેન કરણભાઈ ભુરીયા, સુમિલાબેન નવલાભાઈ ભુરીયાનાઓએ ગત તા.૧૨મી ડિસેમ્બરના રોજ પોતાની સાથે લાકડીઓ, ધારીયા, લોખંડની પાઈપો જેવા મારક હથિયારો સાથે પોતાના જ ગામમાં રહેતા સબલાભાઈ ધુળીયાભાઈ ભુરીયાના ઘરે આવી બેફામ ગાળો બોલવા લાગ્યા હતા અને પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ જઈ તમામ લોકો પોતાની સાથે લાવેલ લાકડી, ધારીયા અને લોખંડની પાઈપ વડે સબલાભાઈ, ધુળીયાભાઈ, ઈશ્વરભાઈ, દિતીયાભાઈ, મેતાબેન વગેરેને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત સબલાભાઈ ધુળીયાભાઈ ભુરીયાએ આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## સંતરામપુર તાલુકાના સીર ગામે વડાપ્રધાન આવાસ યોજના સર્વેની કામગીરીમાં ગેરરીતિની મામલતદારને રજુઆત



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના સીર ગામમાં વડાપ્રધાન આવાસ યોજના યોજનાનો લાભ આપવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી પરંતુ સર્વેની કામગીરી દરમિયાન આ ગામની અંદર કરવામાં આવેલી સર્વેની કામગીરીમાં ખોટી છે. સર્વે કરતા અને ગામના માલીવાડ મુકેશ ભાઈ ભરત ભાઈ મામલતદારને રજૂઆત કરી હતી કે સર્વે કરવા કેટલાક કર્મચારી સગાવાદ ચલાવી અને પોતાના રિલેશનમાં સર્વે કરી ગયા છે અને એવા લોકોનો સર્વે કર્યા છે કે જેમને પાકા મકાન હોવા છતાંય અને સરકારી કર્મચારી તરીકે ફરજ પણ બજાવે છે. તેવા વ્યકિતઓ સીર ગામમાં વડાપ્રધાન આવાસ યોજના લાભ આપવા માટે સર્વેની કામગીરીમાં નામનો નીકળ્યા હતા પરંતુ અમારી પાસે પાકા મકાન જ નથી અને આવાસ યોજનાનો આજ દિન સુધી અમે લાભ મળ્યો જ નથી. અમે મામલતદારમાં આજે લેખિતમાં રજૂઆત કરી અને સાચા લાભાર્થીને સર્વે કરીને લાભ મળે તે માટે તપાસ કરવી જરૂરી છે. અરજદારે મામલતદાર કચેરીમાં રજૂઆત કરી હતી. માલીવાડ મુકેશ ભાઈ ભરત ભાઈ પટેલિયા ગોવિંદભાઈ એ.એસ.માલીવાડ સીર ગામના વંચિત રહેલા આવાસ યોજનાથી તમામ આજરોજ મામલતદારમાં સર્વેની કામગીરીમાં ગેરરીતિ અને સગાવાદ થતા તાત્કાલિક તપાસ કરવા રજૂઆત કરી હતી.

## દાહોદ અને વડોદરા રહેતા બે મહિલા સહિતની ત્રણ વ્યકિત મેનપાવર ટેન્ડરનું કામ કરવાના બહાને ૮ લાખ પડાવી લેતા ફરિયાદ

દાહોદ,

દાહોદ અને વડોદરામાં રહેતા બે મહિલા સહિત ત્રણ જણાએ દાહોદ શહેરમાં રહેતા એક વ્યક્તિને વિશ્વાસમાં લઈ મેન પાવરનું ટેન્ડરનું કામ પાસ કરાવી આપવાના બહાને રૂા.૮ લાખ પડાવી લઈ ટેન્ડર પાસ ન કરાવતાં પૈસાની પરત માંગણી કરતા વડોદરાના આ વ્યક્તિઓ દ્વારા દાહોદના વ્યક્તિને ફોન પર ધાકધમકીઓ આપી વિશ્વાસઘાત કર્યો હોવાનું દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

દાહોદમાં હરિરાય મહાપ્રભુ સોસાયટી, ગોધરા રોડ ખાતે અને વડોદરામાં વિશ્વ ભારતા સોસાયટી, કલા દર્શન ચાર રસ્તા પાસે વાઘોડીયા રોડ અને કારેલીબાગ વિસ્તારમાં રહેતા વૈશાલીબેન પ્રકાશચંદ્ર સોની, વિનોદભાઈ દેસાઈની દિકરી અને અંકુર ઉર્ફે બટકો આ ત્રણેય જણાએ દાહોદ શહેરમાં સહકાર નગરમાં રહેતા રિતેશ લક્ષ્મણભાઈ ભાટીયાને ગત તા.૦૧ સપ્ટેમ્બર ૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન રિતેશભાઈને વિશ્વાસમાં લઈ મેન પાવરનું કામ પાસ કરાવી આપવા રિતેશભાઈ પાસેથી રૂા.૮ લાખ લઈ મેન પાવરનું ટેન્ડર પાસ નહીં કરાવી આપી તેમજ આ આપેલા રૂપીયાની માંગણી રિતેશભાઈ દ્વારા કરતાં ઉપરોક્ત ત્રણેય જણાએ રિતેશભાઈને મોબાઈલ ફોન પર મારી નાંખવાની ધમકી આપી આપેલા નાણાં પરત ન કરી રિતેશભાઈ સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરતાં આ સંબંધે રિતેશભાઈ લક્ષ્મણભાઈ ભાટીયા દ્વારા ઉપરોક્ત ત્રણેય વ્યકિતઓ વિરૂદ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૫-૧૨-૨૦૨૦, મંગળવાર, નિજ માગશર સુદ-૧, સૂર્યોદય-૭-૨૦, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૮-૦૮, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: મૂળ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૦-૦૧થી ચલ-લાભ-અમૃત-૧૪-૦૩, ૧૫-૨૩ થી શુભ-૧૬-૪૪, ૧૯-૪૪ થી શુભ-૨૪-૪૩ સુધી

- શુભ હોરા-
૯-૦૭થી ૧૧-૪૯ સુધી, ૧૨-૪૨થી ૧૩-૩૬ સુધી, ૧૫-૨૩ થી ૧૮-૦૪ સુધી, ૧૯-૧૧થી ૨૦-૧૭ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૫.૧૨.૨૦૨૦ મંગળવાર

મેષ(અ,લ,ઈ): તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ.

વૃષભ(બ,વ,ઉ): વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વ્યાપાર-વ્યવસાયમાં વૃદ્ધિ થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

મિથુન(ક.છ.ઘ): નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. વેપારમાં રોકાણ માટે સમય સારો નથી.

કર્ક(ડ,હ): મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે. આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાનો યોગ. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

સિંહ(મ,ટ): પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ.

કન્યા(પ,ઠ,ણ): સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

તુલા(ર.ત.): યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

વૃશ્ચિક(ન.ય.): પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

ધન(ભ,ધ,ફ,ઢ): પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્ન કરવો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

મકર(ખ.જ.): મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્શનો યોગ. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે.

કુંભ(ગ,સ,શ,ષ): વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું, ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચનો યોગ. વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વ્યાપાર-વ્યવસાયમાં વૃદ્ધિ થશે.

મીન(દ,ચ,ઝ,થ): સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ. આર્થિક સ્ત્રોતોમાં વૃદ્ધિના કાર્ય થશે. રોગ નિવારણાર્થ કાર્યો માટે યાત્રાનો યોગ. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી



વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત



# ભારતના જળ સુરક્ષા અને ગ્રીન એનર્જી આધારિત ભવિષ્યના સંકલ્પને આગળ ધપાવતું ગુજરાત



**કચ્છ ખાતે 30 GW (30,000 MW) ક્ષમતાનો વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક અને દૈનિક 10 કરોડ લિટર ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટનો શિલાન્યાસ**

**નરેન્દ્ર મોદી**
પ્રધાનમંત્રી

ના વરદ હસ્તે

**વિજયભાઈ રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત

**નીતિનભાઈ પટેલ**
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ની ઉપસ્થિતિમાં

**તારીખઃ** 15 ડિસેમ્બર, 2020
**સમયઃ** બપોરે 01:00 કલાકે
**સ્થળઃ** ધોરડો (ભૂજ), કચ્છ

જીવંત પ્રસારણની લિંક
https://pmindiawebcast.nic.in

ગ્રીન એનર્જી અને જળસુરક્ષાના ક્ષેત્રમાં ભારતને નેતૃત્વ અપાવવાના ધ્યેયમાં ગુજરાત સૌથી મોખરે છે. ગુજરાતમાં બે મેગા પ્રોજેક્ટ્સની શરૂઆત કરવામાં આવી રહી છે – 30 GW(30,000 MW) ક્ષમતાનો વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક અને દૈનિક 10 કરોડ લિટર ક્ષમતાનો ડિસેલિનેશન પ્લાન્ટ.

આ બંને પ્રોજેક્ટ્સ થકી રાજ્ય અને રાષ્ટ્ર માટે પ્રગતિના એક નવા યુગની શરૂઆત થઈ રહી છે.

## વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાર્ક

- 30 GW (30,000 MW) ક્ષમતાનો રિન્યૂએબલ એનર્જી પાર્ક
- પવન અને સૌર ઊર્જા બન્ને સાથે આ પ્રકારનો પ્રથમ પાર્ક
- કચ્છના ખાવડા ખાતે ભારત-પાક સરહદ પર સ્થિત
- 72,600 હેક્ટર વિસ્તારની ફાજલ જમીનનું આ પ્રકારનાં પ્રથમ હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કમાં રૂપાંતરણ
- વર્ષ 2030 સુધીમાં 450 GW (4,50,000 MW) ઊર્જા ઉત્પન્ન કરવાના આપણા પ્રધાનમંત્રીશ્રીના વિઝનને પૂર્ણ કરવામાં તે મુખ્ય ભૂમિકા ભજવશે

## ડિસેલિનેશન પ્લાન્ટ

- કચ્છના માંડવી ખાતે દૈનિક 10 કરોડ લિટરની ક્ષમતા સાથે ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની દીર્ઘદ્રષ્ટિભરી પહેલ
- ગુજરાતમાં 5 ડિસેલિનેશન પ્લાન્ટમાંથી એક - અન્ય પ્લાન્ટ્સ દહેજ (100 MLD), દ્વારકા (70 MLD), ઘોઘા ભાવનગર (70 MLD) અને ગીર સોમનાથ (30 MLD) ખાતે
- આ પ્લાન્ટ પૂર્ણ થયા બાદ ગુજરાતની ડિસેલિનેશન ક્ષમતા દૈનિક 37 કરોડ લિટર થઈ જશે
- નર્મદા ગ્રીડ, સૌની યોજના નેટવર્ક અને ટ્રીટેડ વેસ્ટ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પૂરક તરીકે પાણીની સુરક્ષાને મજબૂત બનાવે છે
- દેશમાં લાંબા ગાળાના અને પોસાય તેવા જળ સંસાધનોના નિર્માણ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન



કચ્છના રણના ઉત્તરીય ભાગમાં પ્રસ્તાવિત 30 GW હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક

**"આ પહેલથી, ગુજરાત ઊર્જા અને પાણી જેવા બે વિભિન્ન ક્ષેત્રોમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે એક હરણફાળ ભરી રહ્યું છે."**

**નીતિનભાઈ પટેલ,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક

GWIL

# એક જ દિવસમાં પંચમહાલ જીલ્લાના ત્રણ અલગ-અલગ સ્થળે થી રૂા.૨૨.૨૧ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો








## ગોધરા LCB પોલીસે સંતરોડ ગામેથી ૧૮.૩૭ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, દાહોદ તરફ થી એલ.પી. ટ્રક નંબર જીજે.૦૩.એટી.૧૩૮૬માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ગોધરા તરફ આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે સંતરોડ ગામે નાકાબંધી કરી ટ્રક ઝડપી પાડી હતી. ચેકીંગ કરતાં ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૭૭૬ કિંમત ૫,૩૨,૮૦૦/-રૂપીયા ૨૬,૭૫,૩૦૦/-રૂપીયાના જથ્થા સાથે બેઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર ડી.એન.ચુડાસમા ને ખાનગી બાતમીદારો દ્વારા બાતમી મળી હતી કે, એલ.પી. ટ્રક નંબર જીજે.૦૩.એટી.૧૩૮૬ની પાછળની બોડીમાં ઈંટો મૂકી અંદરના ભાગે ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને દાહોદ થી ગોધરા તરફ આવવા નિકળેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે સંતરોડ ચેક પોસ્ટ ઉપર નાકાબંધી કરી ટ્રકને ઝડપી પાડવામાં આવી હતી. પોલીસ દ્વારા ટ્રકમાં ચેકીંગ કરતાં મેકડોવેલ વિસ્કીની પેટીઓ નંગ-૨૪૩ કિંમત ૧૦,૮૩,૫૦૦/-રૂપીયા, મેકડોવેલ રમની પેટીઓ નંગ-૪૭ કિંમત ૨,૧૧,૫૦૦/-રૂપીયા, એપીસોડ વ્હિસ્કીની પેટીઓ નંગ-૧૪૮ કિંમત ૫,૩૨,૮૦૦/-રૂપીયા મળી કુલ ૧૮,૩૭,૮૦૦/-રૂપીયાના દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા. ટ્રક, ઈંટો, તાડપત્રી, મોબાઈલ ફોન, રોકડા ૧૯,૫૦૦/-રૂપીયા મળી ૨૬,૭૫,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ભેગારામ ભીખારામ જાટ રહે. આલમસર ટાંક સ્કુલ, બાડમેડ, રાજસ્થાન, મુકતારામ વિરમારામ જાટ રહે.સેતરાઉ સ્કુલ પાસે તા.રામસર, બાડમેડ, રાજસ્થાનને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના કોટા મૈડા ગામેથી ૩.૫૨ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના કોટા મૈડા ગામે રહેતા ઈસમના ઘર આગળ ખુલ્લી જગ્યામાં ઘાસ નીચે ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે રેડ કરી કિંમત રૂપીયા ૩,૫૨,૮૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાન કોટા મૈડા ગામે રહેતા મહોબતસિંહ જશવંતસિંહ ચૌહાણ એ પોતાનના ઘરની આગળ ખેતરમાં ઘાસના પૂળા નીચે દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમી હાલોલ રૂલર પોલીસને પેટ્રોલીંગ દરમ્યાન મળી હતી. બાતમીના આધારે હાલોલ રૂલર પોલીસે કોટા મૈડા ગામે રેડ કરી હતી. પોલીસની રેઈડ દરમ્યાન ખાખી પૂઠાંના બોકસ નંગ-૫૮, સફેદ પૂઠાના બોકસ નંગ-૨૦ મળી આવેલ હતી. તમામ બોકસને ખોલીને તપાસ કરતાં કુલ કવાર્ટસ નંગ-૨૭૮૪ કિંમત રૂા.૨,૯૨,૩૨૦/-રૂપીયા પાઉચ નંગ-૯૬૦ કિંમત ૬૦,૪૮૦/-રૂપીયા મળી કુલ કિંમત ૩,૫૨,૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. હાલોલ રૂલર પોલીસે ઘટના સ્થળે પંચનામું કરી પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરવમાં આવી છે.

## જાંબુઘોડાના ડુમા ગામેથી ૩૧ હજારનો દારૂ ઝડપ્યો

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, છોટાઉદેપુરના ટુંડવા ગામનો ઈસમ મારૂતી કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને ડુમા ગામ પાસે નર્મદા કેનાલના ફરતે જવાના હોય તેવી બાતમીના આધારે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમ્યાન ઈંગ્લીશ દારૂ કિંમત રૂા.૩૧,૩૨૦/-રૂપીયા મળી ૭૧,૮૨૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા પોલીસને બાતમી મળી હતી કે, છોટાઉદેપુરના ટુંડવા ગામે રહેતા અર્જુનસિંહ રાયસિંહ રાઠવા પોતાની મારૂતી ઝેન નં.જીજે.૦૬.ડીબી.૬૨૪૦માં ઈંગ્લીશ દારૂનો જથ્થો બોડેલી થઈ જાંબુઘોડાના ડુમા ગામે નર્મદા કેનાલ પાકા ડામર રોડ ઉપર થી વડોદરા તરફ જનાર છે. તેવી બાતમીના આધારે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમ્યાન મારૂતી કારને ઝડપી પાડી હતી અને ચેકીંગ દરમ્યાન કારમાં ચોરખાનું બનાવી ઈંગ્લીશ દારૂ વ્હીસ્કી બોટલ નંગ-૭૨ કિંમત ૩૧,૩૨૦/-રૂપીયા, મારૂતીકાર કિંમત ૪૦,૦૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૧ મળી કુલ ૭૧,૮૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા શહેરની પીવાના પાણીના જથ્થો પુરા પાડતી મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા વધુ એક દિવસ પાણી નહિ મળે

ગોધરા,

પંચમહાલ જીલ્લાના કેટલાક વિસ્તારોમાં ONGC દ્વારા ખનિજ તેલના જથ્થાનું સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. ONGC દ્વારા ગોધરા તાલુકાના અમરાપુર ગામ પાસે જમીનમાં બોરીંગ કરવામાં આવી રહ્યું હતું. દરમ્યાન નર્મદા મુખ્ય કેનાલ થી ગોધરા શહેરને પીવાના પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જવા પામ્યું હતું. ગોધરા શહેરને પીવાના પાણીનો પુરવઠો પહોંચાડી મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા પાલિકા પાણી પુરવઠા વિભાગ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને નર્મદા કેનાલનું પુરું પાડતી મુખ્ય પાઈપ લાઈનનું મરામત કામ હાથ ધરવામાં આવ્યું છે. મુખ્ય લાઈનમાં સર્જાયેલ ભંગાણને લઈ ગોધરા નગરના શહેરીજનોને બે દિવસ સુધી પાણીની સુવિધા મળશે નહિ.

**- ગોધરા નજીક અમરાપુર ગામે ONGC ની કામગીરી દરમ્યાન મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયું.**
**- નગરજનોને ભરશિયાળે અવારનવાર પાણીની પડતી મુશ્કેલીથી ત્રસ્ત.**

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકા તેમજ ગોધરા તાલુકાના કેટલાક ગામોમાં ONGC દ્વારા ભૂર્ગભમાં રહેલ ખનિજ તેલનો જથ્થો શોધવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે ગોધરા તાલુકાના અમરાપુર ગામમાં ONGC દ્વારા જમીનમાં બોરીંગ કરવામાં આવી રહ્યું હતું. તે જગ્યાએ જમીન માંથી નર્મદા મુખ્ય કેનાલ થી ગોધરા શહેરની પીવાનું પાણી પુરૂ પાડતી મુખ્ય પાઈપ લાઈન પસાર થઈ રહી હતી. ONGC વિભાગની બેદરકારીને લઈ નર્મદા કેનાલ થી ગોધરા શહેરને પાણી પુરૂ પાડતી મુખ્ય પાઈપ લાઈન ઉપર બોરીંગ કરવામાં આવતાં ગોધરા નગર પાલિકાની પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાવા પામ્યું હતું. નર્મદા નહેર આધારીત પીવાના પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી આસપાસના ખેતરોમાં ફરી વળ્યા હતા. લોકોના ખેતરના પાકોને નુકશાન થવા પામ્યું હતું. ગોધરા શહેરને પીવાનું પાણી પુરૂ પાડતી નર્મદા કેનાલ આધારીત પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હોવાની જાણ થતાં ગોધરા નગર પાલિકાના પાણી પુરવઠા અધિકારી તેમજ ટેક્નીકલ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. ગોધરા શહેરને પીવાનું પાણી પુરૂ પાડતી મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાઈપ લાઈનની મરામતની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગોધરા નગર પાલિકા દ્વારા નર્મદા કેનાલ આધારીત મુખ્ય પાણીની પાઈપ લાઈનમાં પડેલ ભંગાણને મરામત કરવામાં બે દિવસ જેવો સમય લાગી શકે છે. જેને લઈ ગોધરા શહેરના નગરજનોને બે દિવસ સુધી પાણીનો જથ્થો મળશે નહિ. ગોધરા નગર પાલિકા દ્વારા ગોધરા શહેરના નગરજનોમાં પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. તેમાં અગાઉ પણ બે થી ત્રણ દિવસ સમયસર પાણીનો જથ્થો પુરો પાડવામાં આવ્યો ન હતો. તેને લઈ નગરજનો પરેશાન થયા હતા. ત્યાં ફરીથી નર્મદા કેનાલ આધારીત મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા બે દિવસ પાણી વગર રહેવાનોવારો આવ્યો છે. ગોધરા નગરજનોને ભરશિયાળે પાણી માટે પડતી કિલ્લતને લઈને પાલિકા તંત્રને કોશી રહ્યા છે.

**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર**
**જાહેર નિવિદા નં-૬ સને-૨૦૨૦-૨૧**

ટેન્ડર આઈ.ડી. નં-૪૩૮૬૩૧ થી ૪૩૮૬૪૫, ૪૩૮૬૪૭ થી ૪૩૮૬૭૦, ૪૩૮૬૭૨, ૪૩૮૬૭૪ થી ૪૩૮૬૭૬, ૪૩૮૬૭૮ થી ૪૩૮૬૮૫, ૪૩૮૬૮૭ (બીજો પ્રયત્ન ૪૩૮૬૮૬)

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર વાસ્મો, ૯૪૧/૧, વૈભવનગર, ગેસ ગોડાઉનની પાસે, પોલીસ લાઇન રોડ, લુણાવાડા, જીલ્લો-મહિસાગર-૩૮૯૧૫૩, ફોન નં. ૭૫૭૪૮૩૪૫૭૨, ૯૭૧૨૯૯૭૪૩૭ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.
(૧) કામનું નામ મહીસાગર જીલ્લાના જુદા જુદા ગામોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાનાં આંતરીક વિતરણ વ્યવસ્થાના કામો (૨) કુલ ૫૩ કામની કુલ અંદાજીત રકમ રૂા.૧૨૦૫.૪૧ લાખ (૪) ઓનલાઈન ટેન્ડર ડોકયુમેન્ટ સ્કેન કરી અપલોડ કરવાની અને ઓનલાઈન ભાવો ભરવાની છેલ્લી તારીખ ૨૮/૧૨/૨૦૨૦ ૧૮.૦૦ કલાક સુધી (૫) ટેન્ડરની સાથે ટેન્ડર ફી, બાનાની રકમ, રજીસ્ટ્રેશનની કોપી, રૂ.૩૦૦ ના સ્ટેમ્પનું એફીડેવીટ, જી.એસ.ટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ તેમજ છેલ્લા ત્રણ વર્ષ પૈકી કોઈપણ બે વર્ષના આઈ.ટી. રીટર્ન સર્ટીફીકેટ અલગ અલગ કવરમાં ટેન્ડર વાઈઝ સાદર રજુ કરવાનો સમયગાળો ૨૯/૧૨/૨૦૨૦ સુધીમાં રજીસ્ટર.પોસ્ટ.એડી/સ્પીડ પોસ્ટ/રૂબરૂથી સ્વીકારવામાં આવશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી.
(૩) નોંધ-ટેન્ડરની એક બીડ સીસ્ટમ છે. જે એજન્સી માર્ગ અને મકાન અથવા સિંચાઇ વીભાગ દ્વારા સક્ષમ પાત્રતા અને યોગ્ય શ્રેણી ધરાવતા હોય તેઓના પ્રાઈસબીડ ખોલવાપાત્ર રહેશે. ઉકત કામગીરીના ઈ-ટેન્ડરો વેબસાઈટ http//gwssb.nprocure.com ઉપરથી મળશે અને આ સાઈટ ઉપર ઓનલાઈન ભરવાના રહેશે . ટેન્ડર અંગેની વધુ માહિતી ઉપરોકત વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, નો હેલ્પ લાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

યુનિટ મેનેજરશ્રી,
જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ,
મહિસાગર, લુણાવાડા

માહિતી/ગોધરા/૫૯૫/૨૦૨૦-૨૧

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૪૯૩ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૪૯૩ તેમાં ગોધરા-૧૦, હાલોલ-૦૩, કાલોલ-૦૪, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ

**- ૧૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૬૯.**
**- મૃત્યુ આંક - ૧૨૩.**

થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## સે. કોર્ટે લાંચ પ્રકરણમાં અપ્રમાણસર મિલ્કતો ધરાવનાર તત્કાલીન પંચમહાલની પ્રદુષણ નિયંત્રણ કચેરીના અધિકારી સાધુની બીજીવાર જામીન નામંજૂર



ગોધરા,

વર્ષ ૨૦૧૭માં પંચમહાલ જીલ્લા પ્રદુષણ નિયંત્રણ કચેરીમાં પ્રાદેશિક અધિકારી ગિરજાશંકર સાધુ લાંચ સ્વીકારતા ઝડપાઈ ગયા હતા. તેઓના મિલ્કતોની તપાસ બાદ આવક કરતાં રૂા.૬૮,૨૪,૩૫૭ એટલે ૫૩.૫૧ ટકા મિલ્કતો અપ્રમાણસર આવક થકી જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ કરીને અપ્રમાણસર મિલ્કત મેળવ્યાનું બહાર આવતાં તેઓ વિરૂદ્ધ અગાઉ એસીબી પંચમહાલ દ્વારા ગુનો દાખલ કર્યા બાદ આજે સ્પે.કોર્ટમાં રજુ કરતા જામીન અરજી નામંજૂર કરવામાં આવતાં લાંચિયા કર્મચારીઓમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે.

રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી પંચમહાલની ગોધરા કચેરીમાં પ્રાદેશિક અધિકારી વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા ગીરજાશંકર મોહનભાઈ સાધુ એ ફરિયાદીના ડીમીનરલાઈઝ વોટર પ્લાન્ટ શરૂ કરવાનો ઓબજેકશન સર્ટીફિકેટ આપવાના અવેજે પેટે રૂા.૮૦ હજાર અને દર ત્રણ માસે ફેકટરી ખાતે આવી હેરાનગતિ નહી કરવાના રૂા.૪૦ હજાર મળીને કુલ રૂા.૧.૨૦ લાખની લાંચની માંગણી કરી હતી. જેથી લાંચની માંગણી સ્વીકારતા ઝડપાઈ ગયેલ ગીરજાશંકર સાધુ સામે ગોધરામાં ગત તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તેઓની ઘરપકડ બાદ જામીન મુકત થતા એડીશન સેશન્સ કોર્ટ ગોધરા સમક્ષ સરન્ડર કરેલ હતા. આરોપી અધિકારીની ફરજ બજાવતા હોઈ તેઓની ચેક પિરીયડ રકમોના આધારે તા.૧/૪/૨૦૧૧ તા. ૩૧/૦૩/૨૦૧૭ સુધીની શોધી કાઢેલ મિલ્કતો તથા આવક ખર્ચની રકમોના આધારે ગણતરી કરતા આપેક્ષિત દ્વારા રૂા.૬૮,૨૪,૩૫૭ની એટલે ૫૩.૫૧ ટકા જેટલી કાયદેસરની આવકની સરખામણીમાં તેઓએ વસાવેલ મિલ્કતોમાં રોકાણ કરી અપ્રમાણસર મિલ્કતો જણાઈ આવેલ છે. આમ ગીરજાશંકર સાધુ પ્રાદેશિક અધિકારીએ પોતાની ફરજ દરમ્યાન પોતાની કાયદેસરની આવકના સ્ત્રોતમાંથી મેળવેલ આવક કરતા રૂા.૬૮,૨૪,૩૫૭ એટલે ૫૩.૫૧ ટકા જેટલી મિલ્કતો રોકાણ (ખર્ચ) વધુ કરેલ હોવાનું જણાતા તપાસ

**- જે તે સમયે ફરિયાદી પાસેથી રૂા.૧,૨૦,૦૦૦ની રકમ સ્વીકારી હતી.**
**- ચાર ચાર વર્ષથી ACB દ્વારા અપ્રમાણસર મિલ્કત અંગે તપાસ હાથ ધરી હતી.**
**- ફરજ દરમ્યાન જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ.**
**- ઈરાદાપૂર્વક ધનવાન થવા નાણાં મેળવીને સ્થાવર તથા જંગલ મિલ્કતોમાં રોકાણ કર્યુ હોવાનું તપાસમાં ખુલ્યું હતું.**
**- અગાઉ લાંચિયા અધિકારી સાધુની ભુજ ખાતેથી અટકાયત કરી ગોધરા લવાયા હતા.**
**- ફરી એકવાર અન્ય લાંચિયાઓમાં ફફડાટની લાગણી વ્યાપી.**
**- બીજીવાર સ્પે.સે.કોર્ટે સાધુની જામીન બીજીવાર નામંજૂર કરાતા ખળભળાટ.**

લાંચીયાવૃતિને અનુલક્ષીને અપ્રમાણસર મિલ્કત અંગે તપાસ હાથ ધરી કુટુંબીઓના મિલ્કત દસ્તાવેજો તથા વિવિધ બેંક ખાતાઓની એસીબીના નાણાંકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ હાથ ધરાયું હતું. આ તપાસમાં પારદર્શકતા લાવવા માટે તેઓના તથા તેમના કુટુંબીઓ, સંબંધીઓના વિડીયોગ્રાફી સાથેના નિવેદનો નોંધવામાં આવેલ હતા. પ્રાથમિક વિગતવાર ઝીણવટભરી તપાસ બાદ ગીરજાશંકર સાધુ (હાલ પંર્યાવરણ ઈજનેર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ) અગાઉ પંચમહાલ પ્રાદેશિક કચેરીમાં નાણાનો સ્થાવર/ જંગમ સ્થાવર જંગમ મિલ્કત તથા કરેલ રોકાણ/ખર્ચ રકમની વધુ વસાવેલ હોવાનું જણાય છે. તપાસ દરમ્યાન આક્ષેપિત દ્વારા આ વર્ષ દરમ્યાન રૂા.૨૨,૪૧,૦૦૦ રોકડા રકમનો ઉપાડલ કરેલ છે. અને રૂા.૨૪,૭૫,૮૮૪ રોકડા રકમ જમા કરાવેલ છે. આ અગાઉ ફરજ બજાવતા આ આક્ષેપિત દ્વારા તા.૧/૪/૨૦૧૧ થી ૩૧/૦૩/૨૦૧૭ના ચેક પીરીયડ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ કરી ઈરાદાપૂર્વક ગેરકાયદે પોતે ધનવાન થવા માટે નાણા માંગણી તથા અધિકારી એ અગાઉ આક્ષેપિત ગીરજાશંકર મોહનભાઈ સાધુ તથા અન્ય વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીય મુજબ ગુન્હો દાખલ કર્યો હતો અગાઉ ભુજના માંડવી ખાતેથી તેઓની અટકાયત કરીને નિયમોનુસાર કાર્યવાહી કર્યા બાદ ફરી એકવાર સોમવારના રોજ સ્પે.સેશ.કોર્ટમાં રજુ કરવામાં આવતાં જામીન ફરજી બીજીવાર નામંજૂર કરવામાં આવતા દિનભર જીલ્લાની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કેટલાક લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ચર્ચાઓ વચ્ચે ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 96